જામનગરમાં રીક્ષા ગેંગ ઝળકી, વૃધ્ધના ગળામાંથી સોનાની કંઠી ગાયબ

પોલીસે ગણતરીની કલાકોમાં તસ્કર બેલડીને ઝડપી લીધી

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૬

જામનગરમાં ગોકુલ નગર નજીક રામનગર શેરી નંબર પાંચમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા એક બુઝુર્ગની ચાલુ રિક્ષામાં રૂપિયા એક લાખ ૬૦ હજારની સોનાની કંઠી સેરવી લેવાઈ હતી જે ચોરીનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યો છે, અને સીસીટીવી કેમેરાની મદદથી રાજકોટના બે રીક્ષા ચાલક તસ્કરોને ઝડપી લઇ રીક્ષા અને સોનાની કંઠી કબજે કરી છે. જે બંનેએ આ ઉપરાંત રાજકોટ વાકાનેર-જૂનાગઢ સહિત અન્ય ચાર ચાર સ્થળોએ આજ રીતે ચોરી કરી હોવાની કબુલાત આપી છે.

જામનગરના પોલાભાઈ કરસનભાઈ અસવાર નામના ૭૦ વર્ષના બુઝુર્ગ બે.દિવસ પહેલા ગોકુલ નગર થી શંકર ભગવાનના મંદિરે જવા માટે એક રિક્ષામાં બેઠા હતા. જે દરમિયાન રિક્ષાચાલક અને તેના મળતીયા કે જે પેસેન્જર તરીકે બાજુમાં રિક્ષામાં બેઠા હતા, અને પોલાભાઈએ પોતાના ગળામાં પહેરેલી રૂપિયા એક લાખ ૬૦ હજારની કિંમતની રુદ્રાક્ષ અને તુલસીની સોનાની કંઠી ની ચોરી કરી લીધી હોવાનું પોલીસમાં જાહેર કર્યું છે. જે ચોરીનો ભેદ સીટી સી. ડિવિઝન પોલીસે ગણતરીના કલાકોમાં જ ઉકેલી નાખ્યા છે, અને જામનગરના પોલીસ વિભાગના કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ના સીસીટીવી કેમેરા ના ફૂટેજ ના આધારે ઓટો રીક્ષા ના નંબર મેળવી લીધા હતા, જે નંબરના આધારે સમર્પણ સર્કલ પાસેથી બે તસ્કરોને ઝડપી લઇ ઉપરોક્ત રીક્ષા અને સોનાની કંઠી સહિત ૨.૬૦ લાખ ની માલમતા કબજે કરી છે.

પોલીસની પૂછપરછ માં બંને તસ્કરો રાજકોટના અને તેઓના નામ રવિ બટુકભાઈ સોલંકી, તેમજ અરવિંદ પોલાભાઈ કાંજિયા હોવાનું જણાવ્યું હતું. જે બંને રાજકોટમાં રહીને રિક્ષા ચલાવતા હોવાનું અને આવી જ રીતે અન્ય સ્થળે પણ ચોરી કરી હોવાની કબુલાત આપી છે. જેમાં રવિ સોલંકી નામના રિક્ષાચાલકે જુનાગઢ અને રાજકોટમાંથી ચાર સ્થળોએ ચોરી કરી હોવાની કબુલાત આપી છે, તે જ રીતે અરવિંદ પોલાભાઈએ રાજકોટ, વાંકાનેર અને હળવદમાં ચાર જગ્યાએ હાથ ફેરો કરી ચોરી કરી હોવાનું કબુલી લીધું છે જે બંનેની ઘનિષ્ઠ પૂછપરછ ચલાવવામાં આવી રહી છે.

જોડીયામાં માવતરે આવેલી પરિણીતાનો એસીડ પી આપઘાત

ભાભી સાથે ઝઘડો થતા મનમાં લાગી આવ્યું

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર તા.૧૬

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના વાવડી ગામમાં પોતાના માવતરે આંટો દેવા માટે આવેલી પરણિતાને પોતાના ભાભી સાથે ઝઘડો થતાં મનમાં લાગી આવ્યું હતું, અને ઘરમાં પડેલું એસીડ પીલઇ આત્મહત્યા કરી લીધી છે.

જોડિયા તાલુકાના વાવડી ગામમાં રહેતી અને ધ્રોળ તાલુકાના ઇટાળા ગામમાં પરણેલી મધુબેન લાલાભાઇ રાતડીયા નામની ૨૨ વર્ષની પરિણીતા પરમદીને પોતાના માવતરે પ્રસંગ હોવાથી વાવડી ગામે આંટો દેવા માટે આવી હતી.

જે દરમિયાન તેણીના ભાભી સાથે બોલાચાલી થઈ હતી, જેનું મનમાં લાગી આવતાં તેણીએ ઘરમાં પડેલું એસીડ પીલઇ આત્મહત્યાનો પ્રયાસ કરતાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું છે. આ બનાવ અંગે પમીબેન છગનભાઈ ટોયટા એ પોલીસને જાણ કરતાં જોડીયા ના પી.એસ.આઇ. બી. એલ. ઝાલા એ આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

જામનગરમાં મહીલાના આપઘાત પ્રકરણમાં પતિ સામે નોંધાતો ગુનો

પતિએ ત્રાસ આપતા પત્નીએ ત્રણ સંતાનોને કુવામાં ફેંકી આપઘાત કર્યો હતો

(પ્રતિનિધિ દ્વારા) જામનગર તા.૧૬

જામનગર તાલુકાના ધૂતારપર ગામમાં પરમદીને એક મહિલાએ પોતાના ત્રણ સંતાનોને કુવામાં ફેંકી દઈ પોતે પણ આત્મહત્યા કરી લીધી હતી. પતિ દ્વારા સૌપ્રથમ પત્નીને પિયરે જવું હોવાથી તેણીને ના પાડતાં આ પગલું ભર્યું હોવાનું જાહેર કરાયું હતું. પરંતુ મૃતક મહિલાના પિતા મધ્યપ્રદેશથી જામનગર આવી પહોંચ્યા હતા. અને તેઓએ પોતાની પુત્રીને પતિનો અસહ્ય ત્રાસ હોવાથી આ પગલું ભર્યું હોવાનું જાહેર કર્યું હોવાથી પોલીસે મૃતક મહિલાના પતિ સામે ગુનો નોંધ્યો છે. અને તેની અટકાયત કરી છે.

ધૂતારપર ગામમાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતી ધનુબેન ઉર્ફે સંગીતાબેને રવિવારે સાંજે પોતાના ત્રણ માસુમ સંતાનો ને કુવામાં ફેંકી દઈ પોતે પણ કૂવામાં ઝમ્પલાવી આત્મહત્યા કરી લીધી હતી.

પોલીસે મૃતક મહિલાના પતિ કમલેશ જ્ઞાનસિંગ મીનાવા નું નિવેદન નોંધ્યું હતું, જેમાં તેણે પોલીસ સમક્ષ પત્નીને માવતર જવું હોવાથી હમણાં જવાની ના પાડતાં માઠું લાગવાના કારણે ત્રણેય સંતાનોને કુવામાં ફેંકી દઇ પોતે પણ આત્મહત્યાનું પગલું ભર્યું હોવાનું જણાવ્યું હતું.

ત્યારબાદ સમગ્ર પ્રકરણની તપાસ ચલાવી રહેલા પીએસઆઇ એ કે પટેલે સંગીતાબેન ના પિતા સેરુભાઈ રડુભાઇ માવડા મધ્ય પ્રદેશ રહે છે, ત્યાંથી તેઓને જામનગર બોલાવી લીધા હતા, અને આ પ્રકરણમાં તેઓનું નિવેદન નોંધતાં તેમણે પતિના ત્રાસના કારણે પોતાની પુત્રીએ આપઘાત કર્યો હોવાનું અને ત્રણ સતાના ને પણ કૂવામાં ફેંકી દીધાનું જણાવ્યું હતું. તેથી આ પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે, અને મૃતક સંગીતાબેન ના પિતાની ફરિયાદ ના આધારે પોલીસે તેણીના પતિ કમલેશ જ્ઞાનસિંગ મીનાવા સામે ગુનો નોંધી તેની અટકાયત કરી છે અને પૂછપરછ શરૂ કરી છે.

મોરબીના પાવડીયારી નજીક કારખાનામાં પરિણીતાનો ગળેફાંસો ખાઈ આપઘાત

(પ્રતિનિધિ દ્વારા) મોરબી તા.૧૬

મોરબીના સાપર ગામ નજીક પાવડીયારી જેતપર રોડ ઉપર આવે અલ્ટ્રા મીનરલ કારખાનાની લેબર કોલોનીમાં રહેતા રમતીબેન રાકેશભાઇ ડાવર ઉવ.૨૨ એ કોઈ અગમ્ય કારણોસર મજુર કોલોનીની ઓરડીમાં ગળેફાંસો ખાઇ લેતા મરણ ગયેલ હતા. ત્યારે રમતીબેનની ડેડબોડી મોરબી સરકારી હોસ્પિટલે તેના પતિ રાકેશભાઇ લાવતા પ્રાથમિક માહિતી આપતા જાહેર કર્યું કે મૃતક રમતીબેનનો લગ્નગાળો આશરે ચાર વર્ષનો હોય અને સંતાનમાં એક બાળક હોવાનું જણાવ્યું હતું. હાલ મોરબી તાલુકા પોલીસે આત્મહત્યાના નાણાવમાં અકસ્માતે મોતની નોંધ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વેરાવળના વડોદરા ડોડિયા ગામે વિજચોરી ઝડપાઈ

(પ્રતિનિધિ દ્વારા) વડોદરા તા. ૧૬

વેરાવળ તાલુકાના વડોદરા ડોડીયા ગામે વિજિલન્સની ટીમે મોટી વીજ ચોરી ઝડપી પાડેલ જેમાં જીંગાફાર્મમાં ૧૧ કેવીની લાઇનમાં ડાયરેક્ટ ટ્રાન્સફોર્મર જોડી વીજ ચોરી કરી રહેલ હોવાથી અંદાજે રૂા.૮૦ લાખની વીજ ચોરી અંગે પોલીસમાં ફરીયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આ અંગે વિજ અધિકારી જે.જે.કાચાએ માહીતી આપતા જણાવેલ કે, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા વિજ ચોરી અંગે વડોદરા ડોડીયા ગામે આવેલ જીન્ગાફાર્મ પર વીજ તપાસ કરતા માલુમ પડેલ કે જીન્ગાફાર્મમાં કંપની અધિકૃત કોઈ પણ પ્રકારનું વીજ જોડાણ ના હોવા છતાં પણ સ્થળ પરથી પસાર થતી વીજ લાઈનમાં કબજે લીધેલ ૧૦૦ કેવીએના ટ્રાન્સફોર્મરના ૧૧ કેવી ના સ્ટડમાં સીધું જોડાણ કરી અન્ય કબ્જે લીધેલ વીજ વાયર લોડ સાઈડ જોડી જીન્ગાફાર્મમાં વાણીજ્ય હેતુ માટે ચલાવી વીજ ચોરી કરતા રંગે હાથ ઝડપી લીધેલ અને સ્થળ ઉપરથી ૧૦૦ કેવીએનું બિન અધિકૃત ટ્રાન્સફોર્મર એક તથા કેબલ પેનલ બોર્ડ સ્વીચ કબ્જે લઇ જીન્ગાફાર્મના કબજેદાર જયપાલસિંહ ભરતસિંહ રાયજાદા મુ.વડોદરા ડોડીયા સામે વિજ ચોરી રૂા.૮૦ લાખ અંગે પોલીસમાં ફરીયાદ નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

મોરબીમાં વાઈનો હુમલો આવતા કેનાલમાં પડી ગયેલ આધેડનું મોત

(પ્રતિનિધિ દ્વારા)

મોરબી તા.૧૬

મોરબીના ઉમિયાનગર સર્કલ પાસે આવેલ કેનાલના કાંઠે બેસેલ આધેડને અચાનક વાઈ આવતા કેનાલમાં પડી ગયા હતા જેથી તેમનું પાણીમાં ડૂબી જતા મોત નીપજ્યું હતું, હાલ મૃત્યુના બનાવ અંગે એ ડિવિઝન પોલીસે અકસ્માત મોતની નોંધ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ મોરબીના કામધેનુ રિસોર્ટ પાછળ આવેલ પચીસ વારીયા આવાસ યોજનામાં રહેતા અરૂણભાઇ દલાયજીભાઇ લખતરીયા ગઇ તા.૧૪ એપ્રિલ ૨૦૨૪ના રોજ ઘરેથી મજુરી કામ અર્થે બહાર ગયા હોય ત્યારે ઉમીયાનગર સર્કલ પાસે પસાર થતી કેનાલ પાસે બેસેલ હોય તે વખતે અચાનક અરુણભાઈને જોરદાર વાઈનો હુમલો આવતા જેના કારણે તેઓ કેનાલમાં પડી ગયા હતા જેથી પાણીમા ડુબી જતા મરણ અરુણભાઈનું મોત નીપજ્યું હતું. સમગ્ર બનાવ બાબતે પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક અરુણભાઈને ઘણા સમયથી વાઈ આવવાની બીમારી હોય તેમ મૃતકના માતા લાભુબેન દયાલજીભાઇ લખતરીયા દ્વારા જણાવ્વાયુ હતું. હાલ પોલીસે બનાવની નોંધ કરી આગળની વધુ તાપસ ચલાવી છે.

ધ્રાંગધ્રાની કેપ્રી ગોલ્ડ લોન પેઢીમાં આગઃ શોર્ટ સર્કિટનું કારણ

(પ્રતિનિધિ દ્વારા) વઢવાણ,તા.૧૬

ધ્રાંગધ્રા નગરપાલિકાની બાજુમાં કેપ્રી ગોલ્ડ લોન બેંકમાં રાત્રેના ૮:૩૦ કલાકે બેંક બંધ હતી અને અચાનક અગમ્યો કારણોસર આગ લાગતા પાલિકા ફાઇર ફાઈટર ટીમ અને સીટી પોલીસ સ્ટાફ, પીજીવીસીએલ સ્ટાફ સહિત ઘટના સ્થળે પહોંચી ભારે જહમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જેમાં બેંકમાં રહેલ ફર્નિચર કોમ્પ્યુટર માલ સામાનનું મોટું નુકસાની આશંકાઓ. સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગધ્રા શહેરમાં નગરપાલિકાની બાજુમાં આવેલા કોમ્પલેક્ષની દુકાનમાં કેપ્રી ગોલ્ડ લોન બેંકના કર્મચારીઓ દ્વારા સાંજના સમયે બેંક બંધ કરીને

(તસવીરઃ રૂદ્રદત્તસિંહ રાઠોડ)

જતા રહ્યા હતા ત્યારે રાતના ૮:૩૦ કલાકે અગમ્યો કારણોસર કેપ્રી ગોલ્ડ લોન બેંકમાં આગ લાગી હતી જેમાં બેંકના કર્મચારીઓને જાણ થતા ઘટના સ્થળે પહોંચી તાત્કાલિક નગરપાલિકા ફાયર ટીમ તથા પીજીવીસીએલ, અને સીટી પોલીસને જાણ કરાતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. જેમાં પાલિકાની ત્રણ ફાયર ફાઈટર ગાડી દ્વારા દ્વારા આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા જેમાં શહેરી વિસ્તારમાં આગ લાગવાના કારણે સીટી પોલીસ પીઆઇ એમ યુ મશી સહિત સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ભારે જેહમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો જેમાં બેંકમાં રહેલ ફર્નિચર કોમ્પ્યુટર સહિત માલ સામાનનું મોટુ નુકસાની આશંકાઓ છે.

NOTICE

I THE UNDER SIGNED **MODHA BHARTI VASANTRAY** I HAVE CHANGED MY NAME FROM **MODHA BHARTIDEVI VASANTRAY** TO **MODHA BHARTI VASANTRAY** AND NOW I AM KNOWN AS **MODHA BHARTI VASANTRAY.**

PLACE: PORBANDAR
DATE: 16/04/2024

નામ બદલાવેલ છે

હું **વિપુલભાઈ હસમુખભાઈ મુંગરા** (MUNGARA) જાહેર કરૂ છું કે મેં મારૂ નામ **વિપુલભાઈ હસમુખભાઈ મુંગરા** (MUNGRA) માંથી બદલાવીને **વિપુલભાઇ હસમુખભાઈ મુંગરા** (MUNGARA) કરેલ છે અને હવે પછી થી હું **વિપુલભાઈ હસમુખભાઈ મુંગરા** (MUNGARA) તરીકે ઓળખાઇશ.

વિપુલભાઈ હસમુખભાઈ મુંગરા (MUNGARA)
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ

નામ બદલાવેલ છે

હું **શરદ ભાસ્કરભાઈ રાજગુરૂ** જાહેર કરૂ છું કે મેં મારૂ નામ **શરદચંદ્ર ભાસ્કરરાય રાજયગુરૂ** માંથી બદલાવીને **શરદ ભાસ્કરભાઈ રાજગુરૂ** કરેલ છે અને હવે પછી થી હું **શરદ ભાસ્કરભાઈ રાજગુરૂ** તરીકે ઓળખાઇશ.

શરદ ભાસ્કરભાઈ રાજગુરૂ
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ

નામ બદલાવેલ છે

હું **જયેશ રઘુભાઈ સોરઠીયા** જાહેર કરૂ છું કે મેં મારૂ નામ **જયેશકુમાર રઘુભાઈ સોરઠીયા** માંથી બદલાવીને **જયેશ રઘુભાઇ સોરઠીયા** કરેલ છે અને હવે પછી થી હું **જયેશ રઘુભાઈ સોરઠીયા** તરીકે ઓળખાઇશ.

જયેશ રઘુભાઈ સોરઠીયા
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ

નામ બદલાવેલ છે

હું **રેખાબેન જયેશભાઈ સોરઠીયા** જાહેર કરૂ છું કે મેં મારૂ નામ **રેખાબેન જયેશકુમાર સોરઠીયા** માંથી બદલાવીને **રેખાબેન જયેશભાઈ સોરઠીયા** કરેલ છે અને હવે પછી થી હું **રેખાબેન જયેશભાઈ સોરઠીયા** તરીકે ઓળખાઇશ.

રેખાબેન જયેશભાઈ સોરઠીયા
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ

નામ બદલાવેલ છે

આથી હું **ઋત્વી શર્મા** જાહેર કરૂ છું કે મારૂ નામ **ઋત્વી પરેશ શર્મા** માંથી બદલાવીને **ઋત્વી શર્મા** કરેલ છે અને હવે પછી થી હું **ઋત્વી શર્મા** તરીકે ઓળખાઇશ.

ઋત્વી શર્મા
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ.

નામ બદલાવેલ છે

આથી હું **પીંકી શર્મા** જાહેર કરૂ છું કે મારૂ નામ **પીંકી પરેશ શર્મા** માંથી બદલાવીને **પીંકી શર્મા** કરેલ છે અને હવે પછી થી હું **પીંકી શર્મા** તરીકે ઓળખાઇશ.

પીંકી શર્મા
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ.

નામ બદલાવેલ છે

આથી હું **સબીના મોહસીનઅલી ખોજા** જાહેર કરૂ છું કે મારૂ નામ **સબીનાબાનું મોહસીનઅલી ખોજા** માંથી બદલાવીને **સબીના મોહસીનઅલી ખોજા** કરેલ છે અને હવે પછી થી હું **સબીના મોહસીનઅલી ખોજા** તરીકે ઓળખાઇશ.

સબીના મોહસીનઅલી ખોજા
એડ્રેસ : પટેલ ફળીયુ, મુંન્દ્રા. વેસ્ટ કચ્છ-ભુજ. પિન : ૩૭૦૪૨૧.
તા. ૧૦-૦૪-૨૦૨૪

નામ બદલાવેલ છે

હું નીચે સહી કરનાર **વિપુલભાઇ હસમુખભાઇ મુંગરા (પિતા)** જાહેર કરૂ છુ કે મેં મારી પુત્રીનું નામ **ઋતુ વિપુલભાઇ મુંગરા** (MUNGRA) માંથી બદલાવીને **ઋતુ વિપુલભાઇ મુંગરા** (MUNGARA) કરેલ છે અને હવે પછી તે **ઋતુ વિપુલભાઇ મુંગરા** (MUNGARA) તરીકે ઓળખાશે.

વિપુલભાઇ હસમુખભાઇ મુંગરા (પિતા)
તા. ૧૭/૦૪/૨૦૨૪, રાજકોટ.

-// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ નં.૯૭/૨૦૨૪

પ્રતિ,
દિવાળીબેન બાબુભાઈ સોલંકી,
રહે.સૈયદ રાજપરા,તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.મેવાડા-મુ.ઉના
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ ....સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામનાશ્રી શ્રી બાબુભાઈ માંડણભાઈ સોલંકી તથા શ્રીમતી દિવાળીબેન બાબુભાઈ સોલંકીના પુત્ર/પુત્રી શ્રી દિનેશભાઈ બાબુભાઈ સોલંકી નો જન્મ તારીખ ૨૫/૦૮/૨૦૦૫ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તાલુકો- ઉનાના સને ૨૦૦૫ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
(સી.પી.હિરવાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ઉના

-// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ નં.૯૬/૨૦૨૪

પ્રતિ,
દિવાળીબેન બાબુભાઈ સોલંકી,
રહે.સૈયદ રાજપરા,તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.મેવાડા-મુ.ઉના
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ ....સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામનાશ્રી શ્રી બાબુભાઈ માંડણભાઈ સોલંકી તથા શ્રીમતી દિવાળીબેન બાબુભાઈ સોલંકીના પુત્ર/પુત્રી શ્રી દિપકભાઈ બાબુભાઈ સોલંકી નો જન્મ તારીખ ૦૭/૦૪/૨૦૦૩ ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તાલુકો- ઉનાના સને ૨૦૦૩ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
(સી.પી.હિરવાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ઉના

-// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ નં.૯૮/૨૦૨૪

પ્રતિ,
દિવાળીબેન બાબુભાઈ સોલંકી,
રહે.સૈયદ રાજપરા,તાલુકો-ઉના,
જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એન.એમ.મેવાડા-મુ.ઉના
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા
તાલુકો-ઉના, જિલ્લો-ગીર સોમનાથ ....સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામનાશ્રી શ્રી બાબુભાઈ માંડણભાઈ સોલંકી તથા શ્રીમતી દિવાળીબેન બાબુભાઈ સોલંકીના પુત્ર/પુત્રી શ્રી સંજયભાઈ બાબુભાઈ સોલંકી નો જન્મ તારીખ ૧૫/૦૯/૨૦૦૧ના રોજ ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામ ખાતે થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, સૈયદ રાજપરા, તાલુકો- ઉનાના સને ૨૦૦૧ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
(સી.પી.હિરવાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ઉના

-// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ નં.૧૧૮/૨૦૨૪

પ્રતિ,
જલાલી ઇકબાલભાઈ બફાતીશા,
રહે.વેલણ, ગામ-વેલણ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી એમ.એચ. બાંભણીયા
મું.કોડીનાર, તા.કોડીનાર
વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ
તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ....સામાવાળા

જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના વેલણ ગામના રહીશ શ્રીજલાલી ઈકબાલભાઈ બફાતીશાના માતાશ્રી જલાલી ફાતમાબેન બફાતીશાનું મરણ તારીખ ૧૫/૦૯/૨૦૦૩ના રોજ કોડીનાર તાલુકાના વેલણ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના વેલણ ગામના સને ૨૦૦૩ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેનીકોર્ટમાં મુદત તા. ૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા. ૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો
(સી.પી.હરવાણીયા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
ઉના

ફોર્મ નંબર યુ.આર.સી-૨

પ્રકરણ XXI ના ભાગ I હેઠળ નોંધણી વિશે સૂચના આપતી જાહેરાત
[કંપની અધિનિયમ, 2013 ની કલમ 374(બ) અને કંપનીઝ (નોંધણી માટે અધિકૃત) નિયમો, 2014 ના નિયમ 4(1) ને અનુસરીને]

1. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૩૬૬ ની પેટા-કલમ (૨) ના અનુસંધાનમાં, અહીંથી પંદર દિવસ પછી પરંતુ ત્યારપછીના ત્રીસ દિવસની મુદત પૂરી થાય તે પહેલાં સેંટ્રલ રજિસ્ટ્રેશન સેન્ટર ખાતેના રજિસ્ટ્રારને, જે "નોકઆઉટ" નામથી ચાલતી ભાગીદારી પેઢીને કંપની અધિનિયમ, ૨૦૧૩ ના પ્રકરણ XXI ના ભાગ I હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી ની અરજી કરવામાં આવશે.
2. કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે:
૧. ભારતમાં અથવા વિદેશમાં સ્પોર્ટ ક્લબ, ગેમ ઝોન, ફન ઝોન, હેલ્થ ક્લબ, નાઇટ ક્લબ, કોચિંગ સેન્ટર્સ, જિમ્નેશિયમ, હેલ્થ ક્લબ, ફિટનેસ સેન્ટર, ઇન્ડોર સ્ટેડિયમ, સ્પોર્ટ્સ ફિઝિયોથેરાપી સેન્ટર, સ્પોર્ટ્સ બાર, એરોબિક ક્લબ, ફિટનેસ સેન્ટર, યોગ કેન્દ્રો, સ્લિમિંગ કેન્દ્રો, ન્યુટ્રિશન ક્લિનિક્સ, સામાન્ય રીતે વ્યક્તિગત / કોર્પોરેટ સભ્યપદ લઈને ક્યાં તો એક્સેસના નિર્ધારિત અધિકારો સાથે અથવા અન્યથા સીધી રીતે અથવા ફ્રેન્ચાઈઝી વ્યવસ્થા દ્વારા અથવા અન્યો સાથે ભાગીદારીમાં ઉપરોક્ત વ્યવસાય કરવો.
૨. વ્યાવસાયિક કોચ, જિમ ટ્રેનર્સ, ફિઝિયોથેરાપિસ્ટ, ટેકનિકલ નિષ્ણાતો, રમત-ગમત અધિકારીઓ, રેફરી, અમ્પાયર, રમત મનોવૈજ્ઞાનિકોની સેવા પૂરી પાડીને વિવિધ રમત પ્રવૃત્તિઓ માટે વિશિષ્ટ કોચિંગ સુવિધાઓ પ્રદાન કરવી.
3. પ્રસ્તાવિત કંપનીના ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશનની નકલ પ્રસ્તાવિત રજિસ્ટર્ડ ઓફિસ ના સરનામા, સિગ્નલ પ્લોટ નં.1, સર્વે નં.28/પૈકી 2/, સરિતા વિહાર રોડ, 60 ફીટ રોડ, કાલાવડ રોડ, મોટા માવા, રાજકોટ-360005 (ગુજરાત) ભારત ખાતે તપાસવામાં આવી શકે છે.
4. આથી સૂચના આપવામાં આવે છે કે આ અરજી સામે વાંધો ઉઠાવનાર કોઈપણ વ્યક્તિ પોતાનો વાંધો સેન્ટ્રલ રજીસ્ટ્રેશન સેન્ટર (CRC), ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોર્પોરેટ અફેર્સ (IICA), પ્લોટ નંબર ૬, ૭, ૮, સેક્ટર ૫ IMT માનેસર, જિલ્લો ગુરુગ્રામ, હરિયાણા - ૧૨૨૦૫૦ આ નોટિસના પ્રકાશનની તારીખથી એકવીસ દિવસની અંદર, કંપનીને તેની નોંધાયેલ ઓફિસમાં એક નકલ સાથે CRC ખાતેના રજિસ્ટ્રારને લેખિતમાં જણાવી શકે છે,.

Sd/- તુષાર બાબુભાઈ મેઘાણી
પ્રસ્તાવિત ડાયરેક્ટર
Sd/- સૂર્યદિપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા
પ્રસ્તાવિત ડાયરેક્ટર

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જણાયું છું કે, જુનાગઢ જીલ્લાના વિસાવદર તાલુકાના ગામ મોજે લીલીયા ગામની સીમ જમીન ખેડખાતા નં.-૨૨૪ ના રે.સ.નં.-૬૪ (જુનો સ.ન.૩/૧/પૈકી-૪) ની હે.૧-૭૮-૦૯ આરે.ની પિયત પકારની ખેતીની જમીનના માલીક નાગજીભાઈ કડવાભાઈ રાખોલીયા રે. લીલીયા,તા. વિસાવદર, જી.જુનાગઢ તથા ખેડખાતા નં.-૨૫૪ ના રે.સ.નં.-૬૩(જુનો સ.ન.૩/૧/પૈકી-૫) ની હે.૧-૦૧-૧૭ આરે.ની પિયત પકારની ખેતીની જમીનના માલીક ચેતનાગૌરી નાગજીભાઈ રાખોલીયા વાળા પાસેથી મારા અસીલ ખરીદ કરવા માંગે છે.

આ જમીન સબંધે કોઈને કોઈપણ પ્રકારનો હક્ક, હીત, હીસ્સો, લાગભાગ, દરદાવો, ભરણ પોષણનો હક્ક, વારસાઈ હક્ક, માલીકી હક્ક, ભાડુતી હક્ક,કે ઈજીમેન્ટના રાઈટસ, લ્હેણુ બોજોકે વાંધો તકરાર હોય તેમજ આ જમીનમાં કોઈ વ્યક્તિ, પેઢી,બેન્ક, સોસાયટી, મંડળી કે વારસોનો કોઈપણ પ્રકારનો હક્ક, લાગભાગ, જીવાઈ, લોન, માલિકી હક્ક, હિસ્સો કે અન્ય કોઈ હક્ક ધરાવતા હોય તો અમોને નીચે જણાવેલ સરનામાં ઉપર આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત)માં રજીસ્ટર પોષ્ટથી આધાર-પુરાવા સાથે લેખિત જાણ કરવી,આમ કરવામાં નહીં આવેતો કોઈ વ્યક્તિનો હક્ક નથી અથવા હક્ક જતો કરેલ છે તેમ સમજી અમારા અસીલ આ જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે તેની નોંધ લેશો.

તા.૧૬/૦૪/૨૦૨૪
વિસાવદર

અરવિંદ આર.દુધાત
એડવોકેટ, કોર્ટ રોડ, વિસાવદર, તા.વિસાવદર
તે અમારા અસીલની રૂબરૂ સુચના મુજબ

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિ.

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર ૮૦૨, નટરાજ રૂસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૯
જૂનાગઢ શાખાઃ ઓફિસ નં.૨૦૨/A, ૨૦૨/B, મેરીગોલ્ડ કોમ્પ્લેક્સ-૩,૨જો માળ, કોલેજ રોડ, બહાઉદ્દીન સાયન્સ કોલેજની સામે, R.S.no.265/1, જૂનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧
અધિકૃત અધિકારીઃ અમિતકુમાર સોની મો.: ૯૯૧૩૩૩૩૨૧૪

ખાનગી સંધિ દ્વારા સરફેસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ વેચાણ માટેની મિલકત

આથી અધિકૃત અધિકારી, આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL) એ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (ધી SARFAESI એક્ટ, ૨૦૦૨) ના ૧૩(૪) સાથે મિલકતનો કબજો લીધો છે. સુરક્ષિત સંપત્તિ) નીચે આપેલ અધિકૃત અધિકારીને સુરક્ષિત દેવું વસૂલવા માટે SARFAESI કાયદા હેઠળ ઉપરોક્ત ઉલ્લેખિત સિક્યોર્ડ એસેટ સામે કેટલાક રસ ધરાવતા પક્ષ તરફથી વેચાણની ઓફર પ્રાપ્ત થઈ છે. હવે, અધિકૃત અધિકારી આથી વેચાણની નોટિસ આપી રહ્યા છે. સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮ અને ૯ અનુસાર ખાનગી સંધિ દ્વારા ઉપરોક્ત મિલકત.ખાતાની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	લોન કોડ નંબર/ શાખા	કરજદાર/સહ કરજદારનું નામ	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	અનામત કિંમત (RP)	કુલ O/S રકમ	સુરક્ષિત સંપત્તિનું વર્ણન
1.	(લોન કોડ નંબર ૧૦૮૦૦૦૦૧૧૨૬/ જૂનાગઢ શાખા)	ચંદ્રિકાબેન નાથાલાલ કોટક (કરજદાર), યશ નાથાલાલ કોટક (સહ કરજદાર), સચિન જયપ્રકાશ બુદ્ધદેવ (જામીનદાર)	15-05-2023 & ₹ 7,32,382/-	₹ 6,50,000/-	₹ 8,26,528/- ૨૯-૦૨-૨૦૨૪ના રોજ	મિલકતની દરેક જગ્યા ૨૫૭ પી ફ્લેટ નં ૪૦૪ ચોથો માળ અંબર એપા. પાસે રાજલક્ષ્મી પાર્ક સામે આલ્ફા હાઈસ્કૂલ, જૂનાગઢ, ગુજરાત - ૩૬૨૦૦૧સીમાઓઃ પૂર્વઃ સામાન્ય માર્ગ મુખ્ય પ્રવેશ, પશ્ચિમઃ માર્ગ, ઉત્તરઃ અન્ય ફ્લેટ, દક્ષિણઃ ફ્લેટ નં. ૪૦૩

આથી અધિકૃત અધિકારી સિક્યોર્ડ એસેટના વેચાણ માટે હરાજી કરશે કે જ્યાં છે તે આધાર પર, 'જેમ છે તે પ્રમાણે છે' અને જે છે તે આધાર છે. આ મિલકત પર બાકી રહેલી કોઈપણ જવાબદારીઓ માટે AHFL જવાબદાર નથી. અધિકૃત અધિકારી કોઈપણ કારણ આપ્યા વિના ઓફરને સ્વીકારવા અથવા નકારવાનો અધિકાર અનામત રાખે છે અને વેચાણ સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા પુષ્ટિને આધીન રહેશે. પ્રસ્તાવિત ખરીદદારની ઓફર સ્વીકારવા પર, તેણે/તેણીએ અર્નેસ્ટ મની બેલેન્સના સ્વીકૃત કિંમતના સમાવિષ્ટ એડજસ્ટમેન્ટના ૨૫% તુરંત જ જમા કરાવવાની રહેશે અને બાકીની રકમ ખરીદનાર દ્વારા ઓફરની સ્વીકૃતિની તારીખથી ૧૫ (પંદર) દિવસમાં ચૂકવવામાં આવશે. સિક્યોર્ડ ક્રેડિટર દ્વારા. સૂચિત ખરીદદારે નોંધવું જોઈએ કે જો નિર્દિષ્ટ સમયની અંદર બાકીની રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળતાના કિસ્સામાં, પહેલેથી જ જમા કરાયેલી રકમ જપ્ત કરવામાં આવશે અને તે મુજબ મિલકત ફરીથી વેચવામાં આવશે.

સરફેસી અધિનિયમ, ૨૦૦૨ હેઠળ આ ૧૫ દિવસની વેચાણ સૂચના આથી સામાન્ય રીતે અને ખાસ કરીને કરજદાર (રો), સહ કરજદાર (રો) અને જામીનદાર(રો) ને આપવામાં આવે છે કે ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત ગીરો/ચાર્જ કરેલ છે. સિક્યોર્ડ ક્રેડિટર, જેનો ભૌતિક કબજો આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (એએચએફએલ) સિક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે જેમ છે ત્યાં છે પર વેચવામાં આવશે. જેમ છે તે પ્રમાણે, અને જે છે તે પ્રમાણે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડને બાકી રકમ માટે, વેચાણની તારીખ પહેલાં સંપૂર્ણ રીતે, હરાજી રોકવા માટે જવાબદાર છે. તે કરજદાર સહ કરજદાર પાસે કોઈપણ ખરીદનાર છે જે ગીરો પ્રોપર્ટી સિક્યોર્ડ એસેટ ખરીદવા માટે તત્કાલીન કરજદારની આપેલ અનામત કિંમત કરતાં વધુ કિંમતે ખરીદવા તૈયાર છે). સહ કરજદાર એ ૦૨-૦૫-૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં AHFLને જાણ કરવી આવશ્યક છે, AHFL તેમને પ્રાધાન્ય આપશે. જો કરજદાર. સહ કરજદાર ૦૨-૦૫-૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં જાણ કરવામાં નિષ્ફળ જાય, તો AHFL ઉપર આપેલ અનામત કિંમતે મિલકતના વેચાણને આગળ ધપાવશે.

હરાજીની તારીખ ૦૨-૦૫-૨૦૨૪ નક્કી કરવામાં આવી છે
સ્થળઃ ગુજરાત
તારીખઃ ૧૭.૦૪.૨૦૨૪

અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાયનાન્સ લીમીટેડ

ફોર્મ A
પબ્લીક જાહેર

(ભારતીય નાદારી બોર્ડ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના નિયમ ૬ હેઠળ) માધવ જીનીંગ અન્ડે પ્રેસિંગ પ્રાઈવેટ લિમિટેડના કરજદારોના ધ્યાન માટે

	સંબંધિત વિગતો	
1	કોર્પોરેટ કરજદારનું નામ	માધવ જિનિંગ એન્ડ પ્રેસિંગ પ્રાઈવેટ લિમિટેડ
2	કોર્પોરેટ કરજદારના સમાવેશની તારીખ	30/05/2005
3	અધિકાર કે જેના હેઠળ કોર્પોરેટ કરજદાર સામેલ/નોંધાયેલ છે	રજીસ્ટ્રાર ઓફ કંપની, અમદાવાદ
4	કોર્પોરેટ કરજદારનો કોર્પોરેટ ઓળખ નંબર/મર્યાદિત જવાબદારી ઓળખ નંબર	U17111GJ2005PTC046153
5	કોર્પોરેટ કરજદારની રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય ઓફિસનું સરનામું (જો કોઈ હોય તો).	સર્વે નંબર ७६८, અમદાવાદ હાઈવે, સુધ્ધેશ્વર મંદિર પાસે, જસદણ, ૩૬૦૦૫૦ ગુજરાત, ભારત.
6	કોર્પોરેટ કરજદારના સંબંધમાં નાદારીની શરૂઆતની તારીખ	૧૬-૦૪-૨૦૨૪ (IRP ની નિમણૂક તારીખ ૧૬-૦૪-૨૦૨૪ના ઓર્ડર દ્વારા)
7	નાદારી રીઝોલ્યુશન પ્રક્રિયા બંધ થવાની અંદાજિત તારીખ	૧૩-૧૦-૨૦૨૪
8	વચગાળાના રિસોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા નાદારી વ્યાવસાયિકનું નામ અને નોંધણી નંબર	શ્રી રાહુલ નરેશભાઈ શાહ રજી. નંબર- IBBI/IPA-001/IP-P02170/2020-2021/13367
9	બોર્ડ સાથે નોંધાયેલ વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈ-મેલ	૨૦, સુદર્શન સોસાયટી, ભાગ ૨, નારણપુરા બસ સ્ટોપ પાસે, નારણપુરા, અમદાવાદ, ગુજરાત- ૩૮૦૦૧૪ ઈમેલ: carahulnshah@gmail.com
10	વચગાળાના રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથેના પત્રવ્યવહાર માટે સરનામું અને ઈ-મેલનો ઉપયોગ કરવો	દુકાન નં.૬, સંપ્રતિ રેસીડેન્સી, સામે. પાળિયાદનગર એએમસી ગાર્ડનની સામે, નારણપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૪ ઈમેઈલ: cirp.madhav@gmail.com
11	દાવાઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ	૦૧-૦૫-૨૦૨૪
12	કરજદારોના વર્ગો, જો કોઈ હોય તો, કલમ ૨૧ ની પેટા-કલમ (૬અ) ના કલમ (બ) હેઠળ, વચગાળાના રિસોલ્યુશન પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત	લાગુ પડતું નથી
13	એક વર્ગમાં કરજદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કામ કરવા માટે ઓળખાયેલ નાદારી વ્યવસાયિકોના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ પડતું નથી
14	(a)સંબંધિત ફોર્મ અને (b) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો, અહીં ઉપલબ્ધ છેઃ	(a) https://ibbi.gov.in/home/downloads (b) લાગુ પડતું નથી

આથી સૂચના આપવામાં આવે છે કે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચે ૧૬-૦૪-૨૦૨૪ ના રોજ માધવ જીનિંગ એન્ડ પ્રેસિંગ પ્રાઈવેટ લિમિટેડની કોર્પોરેટ નાદારી રિસોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે અને તે જ આદેશ દ્વારા વચગાળાના રિસોલ્યુશન પ્રોફેશનલ (IRP)ની નિમણૂક કરી છે.

માધવ જિનિંગ એન્ડ પ્રેસિંગ પ્રાઈવેટ લિમિટેડના કરજદારોને આથી ૦૧-૦૫-૨૦૨૪ના રોજ અથવા તે પહેલાં તેમના દાવાઓ પુરાવા સાથે સબમિટ કરવા માટે વિનંતી કરવામાં આવે છે.

એન્ટ્રી નંબર ૧૦ સામે ઉલ્લેખિત સરનામે ઇન્ટરિમ રિસોલ્યુશન પ્રોફેશનલ. નાણાકીય કરજદારોએ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી જ પુરાવા સાથે તેમના દાવા સબમિટ કરવાના રહેશે. અન્ય તમામ કરજદારો પોસ્ટ દ્વારા રૂબરૂમાં અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા સાથે દાવા સબમિટ કરી શકે છે

એક વર્ગ સાથે સંબંધિત નાણાકીય કરજદાર, જેમ કે એન્ટ્રી નંબર ૧૨ સામે સૂચિબદ્ધ છે, તે ત્રણમાંથી અધિકૃત પ્રતિનિધિની તેની પસંદગી દર્શાવે છે. ફોર્મ CAમાં વર્ગ NAના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે એન્ટ્રી નંબર ૧૩ સામે સૂચિબદ્ધ નાદારી વ્યાવસાયિકો. દાવાના ખોટા અથવા ભ્રામક પુરાવા સબમિટ કરવા પર દંડ લાગશે.

તારીખઃ ૧૭/૦૪/૨૦૨૪
સ્થળઃ અમદાવાદ

શ્રી રાહુલ નરેશભાઈ શાહ
વચગાળાના રીસોલ્યુશન પ્રોફેશનલ
રજી. નંબર-IBBI/IPA-001/IP-P02170/2020-2021/13367
AFAની માન્યતા ૩૦.૦૬.૨૦૨૫ સુધી